08 દિવસ બાકી મતદાન

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૬૯ | ૯ ડિસેમ્બર, ૨૦૧૨, રવિવાર; કારતક વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લામાં મતદાન પ્રક્રિયાનો પ્રારંભ

## ચૂંટણી ફરજો પરના ૩૫૦૦થી વધુ કર્મચારીઓએ મતદાન કર્યું : પોલીસ કર્મચારીઓમાં ઉત્સાહ દેખાયો



ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં આજે ૩૫૦૦થી પણ વધુ કર્મચારીઓએ મતપત્રક દ્વારા તેમના મતાધિકારનો ઉપીયોગ કરી મતદાન કર્યું હતું.

ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ પાંચ વિધાનસભા મતવિસ્તાર માટે જુદી જુદી ચૂંટણી વિષયક ફરજો પરના કર્મચારીઓને તબક્કાવાર મતદાન માટેનું આયોજન તંત્ર દ્વારા કરવામાં આવ્યું છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ આજે પોલીસવડાની કચેરીએ પોલીસ કર્મચારીઓએ મતદાન માટે સૌથી વધુ રસ દાખવ્યો હતો અને મોડી સાંજ સુધી આ મતદાન ચાલ્યુ હતુ. મળતા અહેવાલો પ્રમાણે ૩૨૮૮ પોલીસ કર્મીઓમાંથી ૨૫૦૦થી પણ

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાના સુરક્ષા કર્મીઓના મતદાન મથકે ભારે અવ્યવસ્થા સર્જાઈ

## બે કલાક મોડી મતદાન પ્રક્રિયા શરૂ કરાતા ઉહાપોહ : સાંજે ફોર્મ ખુટી પડયા : મોટા ભાગના સુરક્ષા કર્મી મત આપી ન શકયા

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર જિલ્લા પોલીસ, હોમગાર્ડસ તથા એસઆરપી જવાનો સહિત ૩૨૮૮ જેટલા સુરક્ષા કર્મીઓની ગાંધીનગર એસ.પી. ઓફીસ ખાતે મતદાન માટેની વ્યવસ્થા કરવામાં આવી હતી પરંતુ અયોગ્ય વ્યવસ્થાને પગલે મતદાન મથકે ભારે અરાજકતા ઉભી થવા પામી હતી. જિલ્લાની પાંચેય બેઠકનું એક જ સ્થળે મતદાન રાખ્યા બાદ ઉભી થયેલી ગેર વ્યવસ્થાને પગલે મોટા ભાગનાં સુરક્ષા કર્મીઓ મતદાન કરી શકયા ન હતા તો બીજી તરફ સાંજના સુમારે ફોર્મ પણ ખુટી જવા પામ્યા હતા. જો કે જે સુરક્ષા કર્મીઓ મતદાનથી વંચિત રહી ગયા છે તે લોકો સુધી પોસ્ટલ બેલેટ પેપર મોકલી આપવામાં આવશે.

ગુજરાત વિધાનસભાની ચુંટણીમાં જે કર્મચારીઓને ફરજ સોંપવામાં આવી છે તે તમામની આજે મતદાન માટેની વ્યવસ્થા કરવામાં આવી હતી. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લા પોલિસ વડાની કચેરી ખાતે જિલ્લાની પોલીસ તથા હોમગાર્ડસ અને એસઆરપી જવાનો સહિતના ૩૨૮૮ જેટલા સુરક્ષા કર્મચારીઓની મતદાન માટેની વ્યવસ્થા કરવામાં આવી હતી. ગાંધીનગરની પાંચેય બેઠકનું એક જ સ્થળ પર મતદાન રાખવામાં આવતા ભારે અવ્યવસ્થા સર્જાવા પામી હતી. સવારે ૮ વાગ્યાને બદલે મતદાન કામગીરી ૧૦ વાગ્યે શરુ કરવામાં આવતા ભારે અરાજકતા થઈ હતી. પ્રથમવાર પોલીસને મતદાન કરવા મળ્યું તેમાં પણ ભયંકર અસંતોષ જન્મ્યો હતો. દિવસભર થયેલા ઉહાપોહ બાદ સાંજના સુમારે પણ સુરક્ષા કર્મીઓની ભારે ભીડ વચ્ચે ફોર્મ ખુટી જવા પામ્યા હતાં. જેને પગલે મોટા ભાગના પોલીસ કર્મચારીઓ મતદાન કરી શકયા ન હતા. મોડી સાંજ સુધી મતદાન કામગીરી ચાલી હતી. જો કે ઉપરોકત ૩૨૮૮ સુરક્ષા કર્મીઓ પૈકી જે મતદાન કરવામાં બાકી રહી ગયા હોય તે લોકોને પોસ્ટલ બેલેટ પેપર પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવશે તેમ જાણવા મળ્યું છે.

# જિલ્લામાં મતદાન દિવસે ૧૭૫ માઈક્રો ઓબ્ઝર્વર

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર જિલ્લામાં મતદાનના દિવસે બનતી રાજકીય ઘટનાઓ તેમજ મતદાનની પૂર્વસંધ્યાએ અને દિવસ દરમિયાન થતી રાજકીય હિલચાલો પર ૧૭૫ જેટલા માઈક્રો ઓબ્ઝર્વર વિશેષ ફરજ બજાવશે.

આજે માઈક્રો ઓબ્ઝર્વરની ફાળવણીના હુકમો તંત્ર દ્વારા કરી દેવામાં આવ્યા છે. જેમાં કલોલ, ગાંધીનગર (ઉ) અને ગાંધીનગર (દ)ની બેઠકો પર ૪૦-૪૦ માઈક્રો ઓબ્ઝર્વર તથા દહેગામ બેઠક માટે ૨૫ અને માણસા બેઠક માટે ૩૦ માઈક્રો ઓબ્ઝર્વરની નિમણુંક કરવામાં આવી છે.

આ માઈક્રો ઓબ્ઝર્વરની નિમણુંકના હુકમો સામાન્ય નિરીક્ષકની સાથે પરામર્શમાં રહી કરવામાં આવશે. ખાસ કરીને વર્નેબલ અને ક્રિટીકલ મતદાન મથકોપર જ નિમણુંક કરવામાં આવશે. તંત્ર એ ૬૫ જેટલા માઈક્રો ઓબ્ઝર્વરને રિઝર્વ રાખ્યા છે તેમની પણ જરૂર પડયે નિમણુંક કરવામાં આવશે.

આ માઈક્રો ઓબ્ઝર્વર દ્વારા ૨૭થી પણ વધુ બાબતો પર સીધી નજર રખાશે. તેઓ મતદાન પૂર્વે મતદાન મથકમાં થતા મોકપોલ બાદ મશીનમાંથી મોકપોલના મત રદ કરાયા કે નહિ તે અંગેની ચકાસણી કરી અને કમિશનને તેમનો અહેવાલ આપશે એટલું જ નહિ મતદાન મથકની અંદર તેમજ બહાર બનતી ઘટનાઓ પર પણ ધ્યાન રાખશે.

જિલ્લામાં માઈક્રો ઓબ્ઝર્વર તરીકે કેન્દ્ર સરકારની કચેરીઓના અધિકારીઓ અને કર્મચારીઓની પસંદગી કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

આ માઈક્રો ઓબ્ઝર્વરની તાલિમનો તબક્કો પૂર્ણ થઈ ગયેલ છે. હવે આગામી સપ્તાહમાં આ માઈક્રો ઓબ્ઝર્વરની નિમણુંક અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# ગાંધીનગરમાં સોમવારે સાંજે મુખ્યમંત્રીની જાહેરસભા

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરમાં રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી ૧૦મી ડિસેમ્બરના રોજ જાહેરસભાને સંબોધશે.

શહેર ભાજપા દ્વારા આ જાહેરસભા ચૂંટણી પ્રચારને લઈ



યોજવામાં આવી રહી છે. ગાંધીનગર ઉત્તર એ નવરચિત વિધાનસભા મતવિસ્તાર છે અને મુખ્યમંત્રી શ્રી મોદી પહેલીવાર આ શહેરમાં ચૂંટણીસભાને સંબોધન કરશે.

ગાંધીનગર ઉત્તરમાં આ જાહેરસભાના આયોજનને લઈ કાર્યકરોમાં ઉત્સાહનું મોજું ફરી વળ્યું છે. સાંજે ૬ વાગે સે-૬ના સહિયર ગરબા મેદાન ખાતે આ જાહેરસભાની તડામાર તૈયારીઓ શહેર એકમ દ્વારા આરંભી દેવામાં આવી છે.

# ગુજરાત વિધાનસભા બીજા તબક્કાની ચૂંટણી લડતા ૧૯ ટકા ઉમેદવારો સામે પોલીસ કેસ

## છોટુ વસાવાની સામે હત્યાના ૩, અમીત શાહ સામે ૨ કેસ

અમદાવાદ, તા. ૮

ગુજરાત વિધાનસભા બીજા તબક્કાની ચૂંટણી લડતા કુલ ઉમેદવારોમાંથી ૧૯ ટકા ઉમેદવારોને પોતાની સામે પોલીસ કેસ થયા હોવાનું કબૂલ્યું હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી છે. ગંભીર પ્રકારના કેસની કબૂલાત કરનારાઓમાં ઝઘડીયા બેઠકના જેડીયુના ઉમેદવાર છોટુભાઈ વસાવા સામે હત્યાના ૩ કેસ, લૂંટના ૯ કેસ અને ચોરીના ૭ કેસ નોંધાયા છે. નારણપુરા બેઠકના ભાજપના ઉમેદવાર અમીત શાહ સામે હત્યાના બે કેસ અને અપહરણના બે કેસ તથા શહેરા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર તાકતસિંહ સોલંકી સામે હત્યાના બે કેસ નોંધાયા છે. ગુજરાત ઈલેકશન વોચે વિધાનસભા બીજા તબક્કાની ચૂંટણી લડતા કુલ ૮૨૦માંથી ૪૦૨ ઉમેદવારોનું વિશ્લેષણ કર્યુંછે. આ ૪૦૨માંથી ૭૮ ઉમેદવારો એટલે કે ૧૯ ટકા ઉમેદવારોને પોતાની સામે પોલીસ કેસ થયા હોવાનું કબૂલ્યું છે. પોલીસ કેસ કબૂલનારા ઉમેદવારોમાં કોંગ્રેસે ૮૭માંથી ૨૮ ઉમેદવારો, ભાજપે ૯૩ માંથી ૨૬, બસપાએ ૭૩માંથી ૦૪, જેડીયુએ ૩૦માંથી ૨, સપાએ ૩૭માંથી ૨, એનસીપીએ ૬ માંથી ૩, જીપીપીએ ૭૪માંથી ૧૩ ઉમેદવારોને ટિકીટ આપી છે. જો કે ૭૮માંથી ૪૦ ઉમેદવારોએ ગંભીર પ્રકારના કેસની કબૂલાત કરી છે. જેમાં હત્યા, હત્યાનો પ્રયાસ, અપહરણ, લૂંટ, બળાત્કાર વગેરેનો સમાવેશ થાય છે. બે ઉમેદવારો સામે બળાત્કારનો આરોપ છે જેમાં શહેરા બેઠકના ભાજપના જેઠાભાઈ આહિર અને બીએસપીના પ્રફુલ્લચંદ્રા વણકરનો સમાવેશ થાય છે. જ્યારે ૪૦૨માંથી ૧૩૧ ઉમેદવારોએ સ્નાતક કે તેથી વધુ અભ્યાસ કર્યો છે. તેમજ ૪૦૨માંથી ૩૧ ઉમેદવારોની વય ૬૫ વર્ષ કરતાં વધુ છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

ઉ. ભારત પ્રવાસ
દિલ્હી-જયપુર-હરિદ્વાર-ગોકુળ-મથુરા-વૃંદાવન - બરસાના-આગ્રા - દેહરાદૂન - મસુરી - શ્રીનાથજી - પુષ્કર - અજમેર
પ્ર.દિ.-૧૨ ● ઉ.તા. ૨-૧-૨૦૧૩
ગુજરાતી ભોજન-હોટલ રોકાણ
અમી ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ
મો. : ૯૭૭૩૫ ૧૭૭૩૮

કર્ણાવતી દાંતની હોસ્પિટલ
રાહત દરે દાંતની સારવાર
કેસ ફી - મફત, દાંત પાડવાના - મફત, આખુ ચોકઠું રૂ.૧૨૫/-
હેન્ડ સ્કેલીંગ - મફત, દાંત મશીનથી સાફ કરવાના રૂ.૮૦/-
દાંતમાં ચાંદી પુરવાની - મફત, જી.આઈ. ફિલીંગ - રૂ. ૫૦/-
દાંતની તમામ સારવારના દરમાં ૨૦% વળતર
ગાંધીનગર (ખ)રોડ, (ગ)રોડ, (ઘ)રોડ, પથિકાશ્રમ થી ઉવારસદ દાંતની હોસ્પિટલ આવવા-જવા માટે દરરોજ
મફત બસ વ્યવસ્થા - સંપર્ક:- ૮૮૬૬૦ ૬૬૮૦૧
કર્ણાવતી દાંતની હોસ્પિટલ - ઉવારસદ
અડાલજ-વાવોલ પાસે, તા. જી. ગાંધીનગર.
ફોન-૦૭૯ ૨૩૯૭૦૨૦૪, ૨૩૯૭૦૨૦૫
સમયઃ નવા કેસ માટે સવારે ૮.૩૦ થી ૧.૩૦ સુધી (રવિવારે રજા)

LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૮૭૧૧૫.
મો ૯૪૨૬૪૪૨૭૮૫, ૯૭૧૪૧૯૮૩૬૬

